જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૨૭૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૭ | ૪,૪૬,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નરોડા પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૫૨૧૧૭૧૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૯૪, ૧૧૪ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૦૭૩૮/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯એ(૩),, ૧૧૪ મુજબના ગુનાઓના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૯૭/૨૦૨૨ તા-૧૬/૦૭/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૬/૦૭/૨૦૨૨ ના કલાક-૧૮/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૬/૦૭/૨૦૨૨

## આરોપીનુ નામ -

“ધ્રુવ ઉર્ફે પાનસેરીયો સ/ઓ કમલેશભાઇ બચુભાઇ ચુનારા ઉ.વ.૧૯ રહે:ભીલવાસ, રુગનાથપુરાની પીઠ,રાયપુર દરવાજા બહાર, કાગડાપીઠ, અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો. મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૩/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** લતાબહેન વા/ઓ રાજેશકુમાર પટેલ (ઉ.વ.૪૪) (રહે. ગોતા હાઉસીંગ મહેસુલ ભવન રોડ ગોતા) એ તા.૧૬/૦૭/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૨ ના રોજ મોબાઇલ નંબર +૪૪૭૩૯૭૭૬૯૨૬૬ ના ધારકે લતાબહેન પટેલના મોબાઇલ નંબર ઉપર પાર્ટ ટાઈમ જોબનો મેસેજ કરી લીંક મોકલતા લતાબહેન પટેલની પુત્રીએ મોબાઇલ નંબર +૪૪૭૩૯૭૭૬૯૨૬૬ નો સંપર્ક કરી વાતચીત કરતા વોટસએપ પર વસ્તુઓના ફોટા મોકલી તેની ખરીદી પર પૈસાનુ રોકાણ કરવાથી રોકાણ કરેલ પૈસા પરત મળશે અને નફો થવાની લોભામણી લાલચ આપી ફ્લીપ કાર્ટ સર્વિસ એપ ડાઉનલોડ કરાવી તા.૧૧/૦૫/૨૦૨૨ થી તા.૨૩/૦૫/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ફ્લીપ કાર્ટ સર્વિસ એપ ઉપર યુ.પી.આઈ.ડી. મોકલી ઈન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૩,૨૬,૩૩૬/- ઓનલાઇન ટ્રાન્ઝેકશન કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.વાઘેલા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૪/૨૦૨૨**

**વાડજઃ** ભુરાભાઇ ઉર્ફે શ્યામ ભરતભાઇ સોલંકી (ઉ.વ.૧૬) (રહે. રામબાગ આવાસ યોજના ચાંદલોડીયા) તા.૧૫/૦૭/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે નવાવાડજ દિપક સિલેકશન ખાતે ગોડાઉનમા માલ લેવા ગયા હતા જયાં ભુરાભાઇને વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ગાયત્રી હાર્ટ એન્ડ મીડીકલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૫/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** હરેન્દ્રસિંહ પ્રભુસિંહ શેખાવત (ઉ.વ.૨૭) (રહે.વૃંદાવન ફલેટ ડી બ્લોક પહેલો માળ ટોરેન્ટ પાવરની બાજુમાં નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૨ કલાક ૮/૧૫ વાગ્યા પહેલા નવરંગપુરા વલ્લભસદન પાસે સીડી નંબર-૩૨ ઘાટ નંબર-૭ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** રમેશભાઈ લાલજીભાઈ પરમાર (રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ-૨ શ્રીરામ રેસિડેન્સી પાસે લાંભા હાઈવે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા "એ -સેવન હોટલ" ન્યુયોર્ક ટાવર પાસે હોટલમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હિરેનભાઈ ચલાવે છે.

**વાડજઃ** મનજીભાઇ કાનજીભાઇ વાઘેલા (ઉ.વ.૫૩) (રહે. પુરપીડીતનગર વિભાગ-૧ રામાપીરનો ટેકરો નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

**શહેરકોટડાઃ** જગદીશભાઇ ડાહ્યાભાઇ રાઠોડ (ઉ.વ.૪૨) (રહે. શાહ પોપટલાલ મોહનલાલની ચાલી અનિલ સ્ટાર્ચ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતસિંહ રામસિંહ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** જીગરભાઇ સ/ઓ મનુભાઇ પટેલ (ઉ.વ.૨૮) (રહે. જય સોમનાથ સોસાયટી ગોપી બંગ્લોઝ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા જીઆઇડીસી વટવા ફેઝ-૪ "જય અંબે ઈન્ડસ્ટ્રીઝ" માં ચેન કપ્પા સાથે નાઇલોનના પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી